# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૨/૦૬/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૯૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૫૨ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૬૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૪ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૦૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૮૦૧/૨૦૨૫**

**નારોલઃ** અનિતાબહેન કમલેશભાઇ મહેતા (ઉ.વ.૫૮)(રહે.સમ્રાટનગર સાંદીપની સોસાયટીની બાજુમાં ઇસનપુર-નારોલ હાઇવે) તા.૦૮/૦૬/૨૦૨૫ રાતના ૮/૪૦ વાગ્યાના સુમારે સમ્રાટનગર સોસાયટી ખાતે રહેણાંક નજીક ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ અનિતાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૦૨/૨૦૨૫**

**સોલા હાઇકોર્ટઃ** પુષ્પાબહેન વા/ઓ પ્રવીણભાઈ પટેલ (ઉ.વ.૬૦)(રહે.વંદેમાતરમ ક્રોસવીન ફ્લેટ એપોલો સ્કુલની બાજુમાં વંદે માતરમ રોડ ગોતા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૫ સવારના ૧૦/૦૦ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન ઘાટલોડીયા ઉમીયા હોલ આગળના રોડથી શટલ ઓટોરીક્ષામાં બેસી મુસાફરી કરી રહ્યા હતા દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ ભેગામળી પુષ્પાબહેનની નજર ચુકવી, બેગમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૨૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ પુષ્પાબહેનને નિર્માણ સ્ક્વેર ટેનામેન્ટ પહેલા ખાલી પડેલ પ્લોટ ખાતે રીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.દેસાઇ ચલાવે છે.

**કાલુપુરઃ** સમીરભાઇ સલીમભાઇ તળપદા (ઉ.વ.૩૫)(રહે.ગામ–સુરેન્દ્રનગર ટાવર રોડ, મેઇન પોસ્ટ ઓફિસ, ડૉ.ચંદુભાઇ રોડ ભરવાડ શેરી નંબર–૩ સુરેન્દ્રનગર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૫ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે સમીરભાઇ કાલુપુર બ્રીજથી ચાલતા કાલુપુર રેલવે સ્ટેશન તરફ જતા હતા ત્યારે એક રીક્ષા ચાલકે "ક્યાં જવુ છે? તેમ પુછતા સમીર ભાઇએ કાલુપુર રેલવે સ્ટેશન જવાની વાત કરતા રિક્ષા ચાલકે ભાડું નહી લેવાની વાત કરી રિક્ષામાં બેસાડ્યા હતા. દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ બે પુરૂષોએ સમીરભાઇને સમીરભાઇની નજર ચુકવી પેન્ટ્ના ખિસામાંથી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/– ચોરી કરી લઇ, સમીરભાઇને કાલુપુર ઘી બજાર રોડ એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ પાસે રીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.શ્રીમાળી ચલાવે છે.

**રામોલઃ** રાજેશકુમાર રતીલાલ પંચાલ (ઉ.વ.૬૪)(રહે.ગણેશ એલીગન્સ એસપી રીંગરોડ ભાડજ સર્કલ બેબી લોન ક્લબ સોલા) એ તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૨૫ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે નારોલથી એક્ષપ્રેસ હાઇવે બીઆરટીએસ બસ સ્ટોપ સુધીની બસની મુસાફરી દરમ્યાન બસમાં અજાણી વ્યક્તિએ રાજેશકુમારની નજર ચુકવી રાજેશકુમાર પંચાલના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૦૩/૨૦૨૫**

**નરોડાઃ** અર્જુનભાઇ સ/ઓ જગદીશભાઈ રાઠોડ (ઉ.વ.૧૯)(રહે.દેવનંદન સંકલ્પ સીટી, ૧૦૮ ઓફીસ સામે, નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ દેવુસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી